FILE NO.FRC/PRO./2021-22/BVN/BVN /344

DT .24/6/2022

ફી નિયમન સમિતિ
રાજકોટ ઝોન, રાજકોટ

24140506209

પોદાર ઇન્ટરનેશનલ સ્કુલ-ભાવનગર
વરતેજ-સીદસર રોડ,
ભાવનગર-364060

## નિર્ણય

1. શાળાની ફી અંગેની દરખાસ્ત કમિટીના અધ્યક્ષશ્રી તથા સભ્યો સંચાલક મંડળના પ્રતિનિધિ એ.ડી.પટેલ, સિવિલ એન્જિનિયર શ્રી વી.સી.પાઠક, શિક્ષણશાસ્ત્રી શ્રી એ.એ.સેતા તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી જી.બી.દેવળીયા સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ હુકમ જાહેર કરવાના સમયે સમિતિના હાજર રહેલા સભ્યશ્રીઓ એ સહી કરેલ છે.

2. પોદાર લીટ્રેસી &એજ્યુકેશન ટ્રસ્ટ-મુંબઈસંચાલિત પોદાર ઇન્ટરનેશનલ સ્કુલ-ભાવનગરમાંપ્રી-પ્રાયમરી થીધોરણ 10 અંગ્રેજી માધ્યમમાં ચલાવવા માં આવે છે.

3. શાળાએપ્રાયમરી થીધોરણ 10 અંગ્રેજી માધ્યમ વર્ષ 2020-21, 2021- 22 ,2022-23 ની ફી મંજુર કરવા હાલની દરખાસ્ત કરેલ છે.

4. શાળાએ રજુ કરેલ સૂચિત ફી નું માળખું નીચે મુજબ છે.

| STD | MED | 2020-21 | 2021-22 | 2022-23 |
|---|---|---|---|---|
| PRE-PRI | ENG | 31460 | 34610 | 38080 |
| 1-5 | ENG | 38280 | 42110 | 46330 |
| 6-8 | ENG | 41800 | 45980 | 50580 |
| 9-10 | ENG | 41800 | 45980 | 50580 |

5. શાળાએ દરખાસ્ત સાથે શાળાને લગતી સામાન્ય માહિતી,વિદ્યાર્થી-વર્ગોનીસંખ્યા,ઇન્ફ્રાસ્ટ્રક્ચર નાણાકીય માહિતી,ભાડાકરારો વગેરે રજૂ કરેલ છે.

6. શાળાએ વર્ગ મંજુરીના હુકમો તથા વર્ષ 2019-20, 20-21 ના ઓડિટ રિપોર્ટ રજુ કરેલ છે. ટ્રસ્ટનું નોંધણીનું પ્રમાણપત્ર રજુ કરેલ છે.

7. ઉપરોક્ત તમામ લેખિત આધારો વંચાણે લીધા.

8. શાળાએ વર્ષ 2019-20 માટે ફી ની મંજૂરી હુકમ મેળવેલ છે, તે હુકમ રજુ કરેલ છે.

9. સમગ્ર દેશમાંતાજેતરમાં ઉપસ્થિત થયેલ covid-19ની મહામારીને કારણે તારીખ 16-3-20 થી રાજ્યની તમામ શાળાઓ (સરકારી,ગ્રાન્ટ-ઇન-એઇડ,સ્વનિર્ભર) બંધ રાખવા ની જાહેરાત કરવામાં આવી છે કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતર lockdown જાહેર કરવામાં આવ્યું હતું તે સંજોગોમાં શાળાઓ બંધ રાખવામાં

આવી હતી ,અને હાલની પરિસ્થિતિમાં પણ કેન્દ્રસરકારના આ અંગેના નિર્દેશ મુજબ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાનો આદેશ કરવામાં આવેલ છે ,અને આ પરિસ્થિતિ ધ્યાને લઇને અરજદાર શાળાના સને 2019-20 ના રજુ થયેલ હિસાબ અને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે સને 2021 -22 માટેની ફી, ફી નિયમન સમિતિ નક્કી કરવાનું ઠરાવેલ છે. કારણકે સને 2020-2021ના વર્ષ માટે રાજ્ય સરકારના તા-7-10-2020 ના ઠરાવ મુજબ સને 2019-20 ના વર્ષની FRC દ્વારા મંજૂર ફીના 75% રકમ ફી તરિકે લેવાનું ઠરાવ્યું છે. શાળા પૂરેપૂરા સમય ચાલીનથી ,વિદ્યાર્થીઓની ફી ઓછી આવેલી છે. તે જ પ્રમાણે શાળાને પણ ખર્ચનું પ્રમાણ ઓછું થયેલ છે,તેથી વર્ષ 2019-20 ના વર્ષના ઓડિટ આધારે ફી નક્કી કરવાનું ઠરાવવુ ન્યાયી અને વ્યાજબી છે, અને શાળાસંચાલક તથા વિદ્યાર્થીઓના વાલીઓને નુકસાન પણ ન થાય તે હેતુથી 2019-20નું વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.

**10.** શાળા એ રજુ કરેલ વર્ષ 2019-20 ના ઓડિટ રિપોર્ટમાં નીચેની વિગતો નોંધનીય છે.

| INCOME &EXPENDITURE | 2019-20 in lac | 2020-21 In lac |
|---|---|---|
| FEES INCOME | 82.83 | 63.40 |
| OTHER INCOME | 1.95 | 0.53 |
| TOTAL INCOME | 84.78 | 63.93 |
| SALARY/EMPLOYEES | 92.86 | 72.07 |
| RENT/INSU/TAX | 63.85 | 64.38 |
| DEP. | 4.78 | 4.90 |
| CLEANING/HOUSE KEEPING | 10.93 | 4.57 |
| CURRICULAM EXP. | 4.61 | 5.23 |
| MANAGEMENT FEES | 9.61 | 7.89 |
| MOTARCAR EXP | 2.10 | 1.43 |
| PRINTING STATIONERY | 2.06 | 0.34 |
| REPAIR/MAINTEN. | 5.08 | 11.12 |
| TRAVEL CONVEYANCE | 0.74 | 3.03 |
| TOTAL EXP | 212.32 | 183.48 |
| PROFIT &LOSS | 127.53 | 119.55 |

**11.** શાળામાં વર્ષ 2019-20,2020-21 માં વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકોની સંખ્યા,અને વર્ગની સંખ્યા નીચે મુજબ દર્શાવેલ છે.

| ધોરણ | વિદ્યાર્થીની સંખ્યા | | શિક્ષકોની સંખ્યા | વર્ગની સંખ્યા |
|---|---|---|---|---|
| | 2019-20 | 2020-21 | | |
| PRE-PRI | 61 | 41 | 6 | 3 |
| 1-8 | 178 | 207 | 10 | 8 |
| 9-10 | 14 | 11 | 7 | 2 |

**12.** શાળા ભાડાની બિલ્ડીંગમાં બેસે છે,શાળાએ મકાન માલિકના પાવર ઓફ એટર્ની સાથે કરેલ M.O.U રજુ કરેલ છે ,આ દસ્તાવેજ M.O.U ના મથાળા હેઠળ છે,પરંતુ લીઝ એગ્રીમેન્ટ હોવાનું દસ્તાવેજમાં દર્શાવેલ છે,તે ૩૦ વર્ષનો છે,જેથી રજીસ્ટ્રેશન એક્ટ અન્વયે સદર દસ્તાવેજ ફરજીયાત નોંધણીને પાત્ર છે પરંતુ તે નોંધાયેલ નથી. જેથી જંત્રી આધારિત ભાડું ધ્યાને લઈ શકાય.જંત્રી આધારિત ભાડું

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE

તારીખ 31/8/2018ના રોજ પૂર્વગામી FRCએ કરેલ હુક્મમાં રૂ.13.15 લાખ ઠરાવેલ છે.જેથી તેમાં 10% વધારો કરી રૂ.14.90 લાખ એટલે કે 15 લાખ માન્ય રાખવામાં આવે છે.

**13.** શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં શિક્ષકોની સંખ્યા યોગ્ય પ્રમાણમાં ચ,જેથી પગાર ખર્ચ માન્ય રાખવામાં આવે છે,મોટરકાર ખર્ચ,તે શાળાના આચાર્યને કાર ફેસેલીટી પ્રોવાઇડ કરવામાં આવે છે,તે શાળાના પ્રતિનિધિ એ સુનાવણી દરમિયાન રજૂઆત કરેલ છે .ઘસારા ખર્ચ સબંધે શાળાએ વિગતવાર પરિશિષ્ટ રજુ કરેલ છે,જે માન્ય કરવામાં આવે છે,રીપેર& મેન્ટેનન્સ ખર્ચ રૂ.5.08 લાખ દર્શાવેલ છે,પરંતુ ભાડું ચૂકવાનું હોય ત્યારે રીપેરીંગ ખર્ચ મજરે મળી શકે નહિ,જેથી નિભાવ ખર્ચ પેટે 50% રકમ મજરે મળવા પાત્ર છે.

અમાન્ય ખર્ચ નીચે મુજબ છે,જે લાખમાં દર્શાવેલ છે.

| વિગત | કરેલ ખર્ચ | માન્ય ખર્ચ | અમાન્ય ખર્ચ |
|---|---|---|---|
| ભાડા ખર્ચ | 63.85 | 15 | 48.85 |
| રીપેરીંગ & મેન્ટેનન્સ | 5.08 | 2.54 | 2.54 |

કુલ અમાન્ય ખર્ચ રૂ 51.39 લાખ છે.કુલ ખર્ચ 212.32 લાખ છે. કુલ માન્ય ખર્ચ 160.93 લાખ છે.

**14.** શાળા એ ભાડા કરાર નોંધાવેલ નથી પરંતુ તેમાં દર્શાવ્યા મુજબ ભાડું વાસ્તવમાં ચૂકવેલ છે,તેમ દર્શાવતા રેન્ટ લેઝર સ્ટેમેન્ટ રજુ કરેલ છે,પોદાર એજ્યુકેશનલ & સ્પોટ્સ ટ્રસ્ટ સંચાલિત સદર શાળા ઉપરાંત ગુજરાતના મુખ્ય શહેરમાં સદર ટ્રસ્ટ સંચાલિત શાળાઓ આવેલ છે,જે તમામ શાળાની મુખ્ય સંચાલન મુબઈ થી કરવામાં આવે છે,કોર્પોરેટ બોડી જેવો સંસ્થાનો વહીવટ જેથી રેન્ટ લેઝર સ્ટેટમેન્ટ ન માનવાનું કોઈ કારણ નથી,જેથીખોટ માંથી અમાન્ય ખર્ચ બાદ કરવામાં આવતું નથી.

**15.** કુલ માન્ય ખર્ચ આધારિત વિદ્યાર્થીદીઠ ખર્ચ, બે વર્ષનો વ્યાજબી વધારો તથા પર્યાપ્ત ફંડની જરૂરીયાત ધ્યાને લેતા નીચે મુજબ ફી મંજુર કરવામાં આવે છે.

| STD | MED | APPROVED BY FRC 2021-22 | APPROVED BY FRC 2022-23 | APPROVED BY FRC 2023-24 |
|---|---|---|---|---|
| PRE-PRI | ENG | 34610 | 37050 | 39650 |
| 1-5 | ENG | 42110 | 45050 | 48200 |
| 6-8 | ENG | 45980 | 49200 | 52650 |
| 9-10 | ENG | 45980 | 49200 | 52650 |

**16.** શાળાએ હુકમમાંદર્શાવ્યા મુજબ નિયત કરેલ ફી શાળાએ લીધી છે, તે સબબ નુ એફિડેવિટ દિન 30 માં લગત કચેરી મારફતે અત્રે રજુ કરવાનું રહેશે, તેમજ વધુ વસુલેલ ફી જે વિદ્યાર્થીઓનો અભ્યાસ આગળના વર્ષે ચાલુ રહેલ હોય તેની વસૂલ, મળવા પાત્ર ફીની સામે મજરે આપેલ છે અને જે વિદ્યાર્થી

શાળા છોડી ગયેલ છે, તે વિદ્યાર્થી/વાલીને બેન્કિંગ ચેનલથી વધુ વસૂલેલી ફી રિફંડ કરેલ છે તે સબબનુ સોગંદનામું આ હુકમ મળે તેનાં દિન - 30માં રજુ કરવાનું રહેશે.

ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાનાં કિસ્સામાં રિફંડપાત્ર રકમ, ચેક/આર.ટી.જી.એસ./ડી.ડી.નંબર, રકમ બેંકમાંથી ઉપાડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થીના નામ જોગ સી.એ.સર્ટિફાઇડ સ્ટેટમેન્ટના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં `વસૂલેલી ફી રિફંડ ખાતુ` એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે.

આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે

17. અત્રેની સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ એમ બંને ભાષામાં નોટિસ બોર્ડ તથા શાળાના વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

18. શાળા એક સાથે માત્ર એક ત્રિમાસિક ફી લઇ શકશે તેનાથી વધુ ફી લેવામાં આવશે તો સ્વનિર્ભર શાળાઓ ફી નિયમન અધિનિયમ 2017ની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

19. નિયત કરેલ ફી સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમકોર્ટના હુકમને આધિન રહેશે.

20. આ હુકમથી જો તમે નારાજ હોય તો હુકમ મળ્યા ના દિવસ 21માં ફી રિવિઝન કમિટી,બ્લોક-1 વિંગ B-1 છઠો માળ કર્મયોગી ભવન સેક્ટર-10 ગાંધીનગર ખાતે ફોર્મ નં-5 માં જરૂરી આધારો સાથે રૂ.10,000 પ્રોસેસ ફી ભર્યાનું અસલ ચલણ જોડી રિવિઝન કરી શકાશે.

Sd/-
અધ્યક્ષ
ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ.
(નિવૃત જિલ્લા ન્યાયધીશ)
ખરી નકલ (હુકમથી)

(વી.જે.બાબરીયા)
ફરજ પરના અધિકારી
ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ.

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE
सत्यमेव जयते